# અરવલ્લી જિલ્લો આગની લપેટમાં, જંગલ-ખેતરોમાં આગથી તબાહી

## વહીવટી તંત્ર તમાશો જોઈ રહ્યું છે, ટાંચાં સાધનોએ તંત્રની પોલ ખોલી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

હોળી-ધૂળેટીના પર્વમાં અરવલ્લી જિલ્લાનો પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ પટ્ટો આગની લપેટમાં જોવા મળ્યો. જંગલ વિસ્તારો અને ખેતરોમાં આકસ્મિક કારણોથી ભડકેલી આગથી તબાહી જોવા મળી. જંગલ વિસ્તારમાં કિંમતી વનરાજી બળીને ખાખ થઈ ગઈ છે. દરમાં રહેતાં સરીસૃપ, વન્ય જીવ મોતને ભેટ્યાની આશંકા છે. બાયડ, મોડાસા, ભિલોડા, મેઘરજ, માલપુર તાલુકામાં ઘઉંના ઉભા પાકમાં આગ ભભૂકીતાં અનેક ખેડૂતો પાયમાલ થયા છે. વહીવટી તંત્ર જિલ્લામાં આગના બનાવો ઉંચકાયા હોવા છતાં તમાશા જોઈ રહ્યું છે. લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવતા વિભાગને આગ ભભૂકવાના સમયે વિકસાવેલા ટાંચા સાધનોએ તંત્રની પોલ ખોલી છે.





ઉનાળો વધુ આકરો બની રહ્યો છે તેમ વિજ તારમાંથી તણખા ઝરવાથી કે પછી અન્ય કોઈ કારણોસર અનેક વિસ્તારોમાં આગ ભભૂકવાના કિસ્સા ખાસ કરીને હોળી-ધૂળેટી દરમ્યાન બહાર આવ્યા. બાયડ તાલુકાના ચોઈલા, ધનસુરા તાલુકાના માધાનીમુવાડી, મેઘરજના ગ્રામ્ય વિસ્તારો, મોડાસા-ભિલોડાના અનેક વિસ્તારોમાં ખેડૂતોનો ઘઉંનો તૈયાર થયેલો સૂકો પાક ખેતરમાં લહેરાતો હતો. હોળી-ધૂળેટી પૂરી થાય પછી ખેતમજુરો આવે અને પાક લણીને ઘરના આંગણે ઠાલવીએ તેવા સ્વપ્ન દેખ્યા હતા પરંતુ છેલ્લા ૨ દિવસમાં ભભૂકેલી આગે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ૧૫૦૦ મણ થી પણ વધુ ઘઉંને રાખમાં ફેરવી દીધા છે તેમજ અન્ય ખેતી પાકને નુકસાન થયું તે વધારાનું. ત્યારબાદ આ વર્ષે પ્રથમ વખત અરવલ્લીના જંગલ વિસ્તારોમાં ઠેકઠેકાણે આગ લાગી છે તે રહસ્યમય છે. માલપુર તાલુકાના લાલજીનાપહાડીયાના જંગલ વિસ્તારમાં આગ લાગી હતી જે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં મોટાપાયે વનરાજી નષ્ટ થયાના અહેવાલ છે. આગ લાગ્યાના કલાકો પછી પણ કુંભકર્ણની નિંદ્રામાં આળોટતું તંત્ર દેખાયું ન હતું છેવટે સ્થાનિક વન પંડીત દિનેશ ઉપાધ્યાય અને તેમની પર્યાવરણ ટીમના સભ્યોએ જીવદયા દાખવી વન્ય પ્રાણીઓને બચાવવા માટે આગ બુઝાવવાની કામગીરીમાં જોડાયા હતા.

આ અગાઉ ટીંટોઈ નજીકના કુડોલ તેમજ શામળાજીના જંગલ વિસ્તારોમાં આગ લાગી હતી. આગનું કારણ મનઘડત શોધીને વન વિભાગ રિપોર્ટ કરશે પરંતુ સાચી હકીકતો એ છે કે બાયડના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ વન વિભાગે વન વિસ્તારમાં કરેલા વિકાસના કામોમાં જે ભ્રષ્ટાચાર આદર્યો છે તેની તપાસ કરવાની ૩ મહિના પહેલાં લેખિત માંગ કરી હતી. તે પત્ર ગાંધીનગરમાં હલચલ મચાવી રહ્યો છે અને જોગાનું જોગ ઉનાળો શરૂ થયા પછી શામળાજી થી માલપુર સુધીના જંગલ વિસ્તારમાં લાગેલી આગ ભલે આકસ્મિક ન હોય તો પણ પ્રજાને વિચારતા જરૂર કરી દીધા છે.

# મોડાસા હાઈસ્કુલના આચાર્ય, કલાર્ક સહિત ૮ કર્મચારી કોરોનાની ઝપેટમાં

### શૈક્ષણિક સંકુલમાં ચિંતા વધી : ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રેક્ટીકલની પરીક્ષા શરૂ થતાંની સાથે જ કોરોનાનું વિકરાળ સ્વરૂપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

અરવલ્લી જિલ્લાના મોડાસામાં કોરોનાની વિસ્ફોટક સ્થિતિ છે. મોડાસા હાઈસ્કુલના આચાર્ય, કલાર્ક સહિત ૮ કર્મચારી કોરોનાની ઝપેટમાં આવતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. શૈક્ષણિક સંસ્થામાં કોરોનાના વધતા કહેરથી ચિંતા પ્રસરી છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પ્રેક્ટીકલની પરીક્ષા શરૂ થતાંની સાથે કોરોનાના વિસ્ફોટક સ્વરૂપથી વિદ્યાર્થીઓની સાથે વાલીઓની ચિંતા વધી ગઈ છે. જ્યારે અન્ય કર્મચારીઓ પણ કોરોનાથી સંક્રમિત થયાની આશંકા જોતાં રેપિડ ટેસ્ટ થઈ શકે છે.



સ્થાનિક આરોગ્ય વિભાગના કોરોનાના કેસ કેમ ઓછા પ્રદર્શિત થાય તેની ચિંતા કરે છે પરંતુ કોરોનાએ દાટ વાળ્યા જેવી સ્થિતિ મોડાસા અને બાયડમાં જોવા મળી છે. સતત કોરોના કેસમાં ઉછાળો આવી રહ્યો છે તે જોતાં એપ્રિલ અને મે. મહિનામાં હોસ્પિટલોમાં દર્દીઓ માટે જગ્યા નહીં હોય તેવી અંદેશા અત્યારથી વ્યક્ત થઈ રહી છે. બહાર આવેલી વિગતો અનુસાર મોડાસાની કે.એન.શાહ હાઈસ્કુલના આચાર્ય તેમજ ૨ કલાર્ક, ૪ સેવક સહિત કુલ-૮ જણ એક જ શૈક્ષણિક સંકુલમાં કોરોના પોઝિટિવ આવતાં સત્તા મંડળ પણ હચમચ્યું છે. કોરોનાનું સ્વરૂપ બદલાયું છે જેના કારણે કોરોનાથી સંક્રમિત થયા છે કે કેમ..?? તેના પ્રારંભિક લક્ષણો અનેકને ખોટા ઠેરવી રહ્યા છે. મોડાસાની સર્વોચ્ચ શૈક્ષણિક સંસ્થામાં કોરોનાના પગપેસારાથી સમગ્ર નગરમાં હલચલ મચી છે. આચાર્યના સંપર્કમાં અનેક કર્મચારીઓ, ટ્રસ્ટી મંડળના સભ્યો આવ્યા હશે તદ્ઉપરાંત છેલ્લા ૩-૪ દિવસ દરમ્યાન કર્મચારીઓને ચા-નાસ્તો પણ આપ્યો હશે તેમની ઉંઘ પણ હરામ થઈ ગઈ હશે. સેવક હોય એટલે પીવાનું પાણી પણ ભર્યું હશે તે જોતાં મોડાસા હાઈસ્કુલમાં કોઈ મોટો કોરોના વિસ્ફોટ ન થાય તો જ કુદરતનો આભાર..તેવી સ્થિતિ છે.

#### આરોગ્ય વિભાગે હાથ અધ્ધર કર્યા, અમારે માત્ર ટેકનિકલ માર્ગદર્શન આપવાનું

જિલ્લાની શાળાઓમાં પ્રત્યક્ષ શિક્ષણ શરૂ થયું છે ત્યારથી વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થતા હોવાના અહેવાલ બહાર આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લા વડા મથક મોડાસાના શૈક્ષણિક સંકુલમાં કોરોના વિસ્ફોટ સામે આવ્યો છે. આચાર્ય સહિત ૮ કર્મચારી કોરોનાથી સંક્રમિત થયા છે ત્યારે જિલ્લા આરોગ્ય વિભાગનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે સંસ્થાઓ જાતે જ સમગ્ર શૈક્ષણિક સંકુલ સેનેટાઈઝ કરવાનું હોય છે. આરોગ્ય વિભાગ તો માત્ર ટેકનિકલ માર્ગદર્શન આપવાનું કામ કરે છે.

# ૮૮ હજાર લોકોને વેક્સિન : સાબરકાંઠા, અરવલ્લીનો ગ્રામ્ય વિસ્તાર કોરોનાના અજગરી ભરડામાં

### હોળી-ધૂળેટી પર્વ પછી કોરોનાના શંકાસ્પદ કેસમાં ઉછાળો, મંગળવારે હોસ્પિટલોમાં ભીડ જામી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લીનો ગ્રામ્ય વિસ્તાર કોરોનાના અજગરી ભરડામાં આવી ગયો છે. હોળી-ધૂળેટી પર્વ પછી કોરોનાના શંકાસ્પદ કેસમાં ઉછાળો જોવા મળ્યો. જિલ્લાની તમામ હોસ્પિટલોમાં મંગળવારે સંક્રમિત દર્દીઓની ભીડ ચોંકાવનારી હતી. હોસ્પિટલોમાં રેપિડ ટેસ્ટ કર્યા પછી આર.ટી.પી.સી.આર. ટેસ્ટ પણ કરાવવામાં આવે છે જેમાં ચોંકાવનારી વિગતો પણ નજરઅંદાજ ન કરી શકાય. અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા ૮૮,૭૬૯ લોકોને કોરોના વેક્સિન આપવામાં આવી છે જે આપવામાં આવેલા લક્ષ્યાંકમાં ૮૨ ટકા સિદ્ધિ મેળવી છે. આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ વેક્સિન માટે અનેક લોકોને સમજાવટ કરતા જોવા મળ્યા પરંતુ ઝૂંપડપટ્ટી અને અભણ હોય તેવા લોકો વેક્સિન નહીં લેવાની હઠ કરતા હોવાનું બહાર આવ્યું છે.



મિશ્ર ઋતુનો અનુભવ તેના કારણે શરદી, ખાંસી અને ઉધરસ થઈ છે તેવું માની કોરોનાના સંક્રમણને ગ્રામ્ય પ્રજા નજર અંદાજ કરી રહી છે અને તેનું પરિણામ એ આવ્યું કે જિલ્લાના શહેરી વિસ્તારો કરતાં ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. ગ્રામ્ય વિસ્તારના કોરોના સંક્રમિત અનેક દર્દીઓ મોડાસા, હિંમતનગર, ઈડર, તલોદ, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, મેઘરજ, ભિલોડા, બાયડ સહિતની હોસ્પિટલોમાં સારવાર લઈ રહ્યા છે. કેટલાક દર્દીઓનું ઓક્સિજન લેવલ ઘટી જતાં અને વેન્ટીલેટરની જરૂર પડતાં તેમને અમદાવાદ, ગાંધીનગરની હોસ્પિટલોમાં પરિવારજનો દ્વારા ખસેડવામાં આવ્યા છે. ગામડામાં કોરોનાનું સંક્રમણ ન પ્રસરે તે માટે આરોગ્ય દ્વારા જાગ્રતતા લાવવા અનેક પ્રયાસો કર્યા પરંતુ ગ્રામ્ય પ્રજાની બેદરકારીએ હવે જિલ્લામાં આરોગ્ય વિભાગની ઉંઘ હરામ કરી છે. પાછલા ૧૫ દિવસના કોરોના પોઝિટિવ આંકડા જે આરોગ્ય વિભાગે જાહેર કર્યા છે તેના ઉપર નજર કરવામાં આવે તો પણ જિલ્લાનાં ગામડાં કોરોનાથી ભયગ્રસ્ત થઈ રહ્યાં છે. ગામડાઓમાંથી દૂધ અને શાકભાજી શહેરી વિસ્તારમાં ઠલવાય છે આ જોતાં આરોગ્ય વિભાગ યોગ્ય તકેદારી નહીં દાખવે તો જિલ્લામાં કોરોનાની સ્થિતિ બેકાબુ બનવાની દહેશત ઉભી થઈ છે.

# પોશીનામાં આદિવાસી સમાજનો ગુણભાંખરીનો ચિત્ર-વિચિત્રનો મેળો રદ

### જિલ્લા કલેક્ટરે જાહેરનામું બહાર પાડ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગ પછી કોરોના બેકાબુ બન્યો છે. દાયકાઓથી પ્રખ્યાત બનેલા પોશીનામાં આદિવાસી સમાજનો દર વર્ષે યોજાતો ગુણભાંખરીનો ચિત્ર-વિચિત્રનો મેળો રદ કરાતાં આદિવાસી પરિવારોમાં રોષ વ્યાપ્યો છે. કારણ કે, ચિત્ર-વિચિત્રના મેળા દરમ્યાન જિલ્લા તેમજ અન્ય રાજ્યમાંથી આવતા આદિવાસી સમાજના લોકો પોતાના ગુમાવેલા સ્વજનોને યાદ કરીને વિધિ સંપન્ન કરતા હોય છે.

તા.૧૧ અને ૧૨ એપ્રિલે ગુણભાંખરીમાં આદિવાસી સમાજનો મહાભારત કાળથી યોજાતો ચિત્ર-વિચિત્રનો મેળો મુલત્વી રાખવાનો જિલ્લા કલેક્ટરે આદેશ આપ્યો છે. કારણ કે ગુણભાંખરીના મેળામાં મોટી સંખ્યામાં આદિવાસી પરિવારો ચિત્ર-વિચિત્ર મહાદેવ મંદિરે ઉપસ્થિત રહે તો કોરોનાનું સંક્રમણ થવાનો ભય છે. હોળીના ૧૫ દિવસ પછી ભાતીગળ મેળો યોજાતો હોય છે. આકુળ-વ્યાકુળ સરસ્વતી નદીના ત્રિવેણી સંગમ ઉપર યોજાતા મેળાનું આદિવાસી સમાજમાં અનોખું મહત્વ રહેલું છે.

# વડગામ તાલુકા પંચાયતના આઈ.આર.ડી. શાખાના કર્મચારીને કોરોના પોઝિટિવ

વડગામ તાલુકા પંચાયતના આઈ.આર.ડી. શાખામાં મદદનીશ ટીડીઓ તરીકે ફરજ બજાવતા કર્મચારીને કોરોના પોઝિટિવ રીપોર્ટ આવતાં તાલુકા પંચાયત કચેરીના કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.જેને લઈ મંગળવારે તાલુકા પંચાયતના કર્મચારીઓનો રેપિટ ટેસ્ટ કરવામાં આવતા અન્ય કોઈ કર્મચારીને કોરોના પોઝિટિવ આવ્યો ન હતો. જેને લઈને તાલુકા પંચાયતના કર્મચારીઓએ રાહત અનુભવી હતી. વડગામના આઈ.આર.ડી. શાખાના મદદનીશ ટીડીઓ અધિકારી તરીકે ફરજ બજાવતા અશોકભાઈ.ડી.મોદીનો ચાર પાંચ દિવસ અગાઉ તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને તેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જેને લઈ મંગળવારે તાલુકા પંચાયત તમામ અધિકારીઓ નો કોરોનાનો રેપીટ ટેસ્ટ કરવામાં આવ્યો હતો.જેમાં એક પણ કર્મચારી ને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો ન હતો.જેને લઈ અધિકારીઓ એ હાશકારો અનુભવ્યો છે. ત્યારે આ અંગે તાલુકા આરોગ્ય અધિકારી પ્રકાશભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે તાલુકા પંચાયતના ૨૩ કર્મચારીઓનો રેપિડ ટેસ્ટ કરવામાં આવ્યો છે.

# સાબરકાંઠા, અરવલ્લીમાં પ્રતિબંધને લીધે ધૂળેટીની જાહેર ઉજવણી ફિક્કી

### સોસાયટી વિસ્તાર, શેરીઓમાં ધૂળેટીની રંગત જામી, કોરોનાના ડરને કારણે પણ ઉજવણી નિરસ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આ વર્ષે રંગપર્વ ધૂળેટીનો જાહેરમાં દેખાતો ઉત્સવ કોરોનાના કારણે ફિક્કો બની ગયો. રાજ્ય સરકારે જાહેર કરેલા પ્રતિબંધના કારણે જાહેરમાં ઉજવણી થઈ શકી ન હતી પરંતુ સોસાયટી વિસ્તાર તેમજ શેરીઓમાં ધૂળેટીની રંગત જામી હતી. જ્યારે સરકારની સૂચનાનું પાલન કરી અસંખ્ય લોકો ધૂળેટી રમવાથી દૂર રહ્યા હતા. વર્ષ દરમ્યાન કોરોનાના કારણે તહેવારોને ગ્રહણ લાગી ચૂક્યા પછી ધૂળેટીનો આનંદ પણ છીનવાયો હોવાનો વસવસો પ્રજા વ્યક્ત કરતી સાંભળવા મળતી હતી.



જિલ્લામાં રાજ્ય સરકારના પ્રતિબંધના કારણે હોળી-ધુળેટીના તહેવારનો આનંદ ઓસરી ગયો હતો. સોશ્યલ ડિસ્ટન્સ સાથે હોળી પ્રગટાવવાનો આદેશ કરવાની સાથે ધૂળેટીની જાહેર ઉજવણી ઉપર મનાઈ ફરમાવવામાં આવી હતી જેના કારણે અબીલ, ગુલાલની છોળો વચ્ચે રંગતથી ઉજવાતું ધૂળેટીનું પર્વ ગત વર્ષની સરખામણીએ ઝાંખું બની ગયું હતું. માત્ર સોસાયટી વિસ્તારો તેમજ શેરીઓમાં ઘેરૈયાઓને પિચકારી તેમજ દુરથી રંગ છાંટી ધૂળેટીની મજા માણી હતી. સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવાનું હોવાથી માત્ર પરિવારજનો સાથે જ ધુળેટી રમી આનંદ લેવો પડ્યો હતો. અગાઉ જાહેરમાં ધુળેટીની રંગારંગ ઉજવણી થતી હોવાથી સૌ કોઈ એકબીજાને રંગોથી રંગી ઉત્સવમાં મશગુલ બની જતા હતા પરંતુ આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી કોરોનાનું સંક્રમણ વધુ હાવિ થયું છે જેના કારણે સરકારે જાહેરમાં ઉજવાતી ધૂળેટી ઉપર અગાઉથી પ્રતિબંધ ફરમાવતાં શહેરી વિસ્તાર તેમજ ગામડાઓમાં જાહેરમાં લોકો ધૂળેટીની ઉજવણી કરવાથી દૂર રહ્યા હતા. જ્યારે ઉત્સવ પ્રિય પ્રજાએ પોતપોતાની સોસાયટીઓ, મહોલ્લા સહિતના સ્થળોએ ઝાકમઝોળ વિના ધૂળેટીનું પર્વ ઉજવ્યું હતું.



## માલપુર તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ ભાગ્યશ્રીબેન પંડ્યાની નિયુક્તિ

માલપુર તાલુકા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયા પછી ભાજપ સંગઠન દ્વારા મેન્ડેટ આપી કારોબારી અધ્યક્ષ તરીકે ભાગ્યશ્રીબેન નિરવભાઈ પંડ્યા અને સામાજીક ન્યાય સમિતિના ચેરમેન તરીકે સેજલબેન ડામોરની નિયુક્તિ થતાં ભાજપના સર્વ સભ્યોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

# સરડોઈના પૂર્વ સરપંચ, કેળવણીકારનું નિધન

મોડાસા તાલુકાના સરડોઈ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ, સરડોઈ હાઈસ્કુલના પૂર્વ આચાર્ય અને નિવૃત્તિ પછી કેળવણી મંડળમાં પ્રમુખ પદે રહી શિક્ષણને ઉત્તેજન આપનાર હરિસિંહ જે. પુંવારનું તા.૨૯ના રોજ નિધન થતાં સ્વર્ગસ્થની અંતિમ યાત્રામાં અનેક લોકો જોડાયા હતા. પૂર્વ સરપંચના નિધનથી ગ્રામજનો, વેપારીઓ, કેળવણી મંડળના પ્રમુખ ઈશ્વરચંદ્ર પી. ભાવસાર, શાળાના આચાર્ય ઘનશ્યામસિંહ વગેરેએ દુઃખની લાગણી સાથે સ્વર્ગસ્થને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. એચ.જે.પુંવારના ટુંકાનામથી જાણીતા કેળવણીકારના નિધનથી પંથકમાં શોક છવાયો છે.



# ખુલ્લેઆમ કોરોનાને આમંત્રણ આપતો ઉત્સવ અડપોદરામાં ધૂળેટીનું "ઘેરૈયા નૃત્ય" જોવા મેદની ઉમટી

### નૃત્યના ઉત્સાહમાં ફરજીયાત માસ્ક, સોશ્યલ ડિસ્ટન્સ કોરાણે મૂકાયું, તંત્રએ તમાશો જોયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

જિલ્લાની પ્રજાએ કોરોનાના કારણે ધૂળેટી પર્વની ઉજવણીમાં એકંદરે નિરસતા દાખવી પરંતુ હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે ધૂળેટીના દિવસે યોજાતા પરંપરાગત ઘેરનૃત્યને જોવા માટે જનમેદની ઉમટી પડી હતી. ઢોલ-નગારાંના તાલે ગ્રામજનોએ હાથમાં દાંડીયા પકડી ઘેર રમતાં ગામના નવરાત્રિ ચોકમાં હકડે ઠઠ ભીડ જામી હતી. નૃત્યના ઉત્સાહમાં ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સના નિયમો કોરાણે મૂકી ઉત્સવપ્રિય ગ્રામજનોએ ઘેરૈયા નૃત્યથી ધૂળેટીના પર્વનો મન મૂકીને આનંદ માણ્યો હતો. ઉત્સવમાં ભીડ અને દ્રશ્યો જોઈને એમ લાગ્યું કે ખુલ્લેઆમ કોરોનાને આમંત્રણ આપતો ઉત્સવ ઉજવાયો અને તંત્રએ તમાશો જોયો.

વર્ષ દરમ્યાન આવતા તહેવારોનું આગવું મહત્વ છે. પરંતુ કોરોનાના કાળમાં ઉત્સવોની ઉજવણી ઉપર ઓટ જરૂર આવી છે પરંતુ પરંપરાગત આસ્થાના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના વચ્ચે પણ ધૂળેટીના દિવસે ઘેરૈયા નૃત્ય જોવા મળ્યા. તાલુકાના અડપોદરામાં વર્ષોની પ્રણાલિકા મુજબ સૌ ગ્રામજનો ધૂળેટીના દિવસે ચોકમાં એકત્ર થયા પછી ઢોલ-નગારાંના તાલ સાથે પુરૂષો ઘેરૈયા નૃત્ય રમતા હોય છે. આ વખતે ધૂળેટીની જાહેર ઉજવણી ઉપર રોક લગાવવામાં આવતાં અડપોદરામાં ઘેરૈયા રમાશે કે કેમ..?? તે અંગે અનેક અટકળો પંથકમાં શરૂ થઈ હતી પરંતુ તા.૨૯ના રોજ સ્થાનિક પ્રજાજનોએ કોરોનાને કોરાણે મૂકી ઘેરૈયા નૃત્યની મોજ લીધી હતી. પુરૂષો દ્વારા ઘેરૈયા નૃત્યમાં રમઝટ બોલાવાતાં જોવા માટે મોટી જનમેદની ઉમટી પડી હતી. વર્ષોથી ઘેરૈયા નૃત્યનું આકર્ષણ હોવાથી આસપાસના ગામોના ઉત્સવ પ્રિય પ્રજાજનો પણ અડપોદરા પહોંચી ગયા હતા અને ધાબા તથા અગાસીઓ ઉપર ઉભા રહીને ઘેરૈયા નૃત્ય માણ્યું હતું. ટૂંકમાં ગ્રામ્ય વિસ્તારોમાં ધૂળેટીના દિવસે યોજાતા ઘેર નૃત્યને કોરોનાનું ગ્રહણ સ્પર્શી શક્યું ન હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. ઉત્સવની ઉજવણી પછી લાગે છે કે અડપોદરા ગામમાં કોરોના વિકરાળ સ્વરૂપ ધારણ કરી શકે છે.

